ગોપાષ્ટમી : ગૌસેવા અને ગોવાળિયા કાનુડાની દિવ્ય લીલાનો પાવન ઉત્સવ

ધર્મરંગ
વ્યોમા સેલર


ગૌ માતાની સેવા એ શ્રીકૃષ્ણની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો સુંદર માર્ગ છે.

ભારતીય સંસ્કૃતિમાં ગાયને માત્ર એક પશુ તરીકે નહીં, પરંતુ માતા સમાન પૂજનીય સ્થાન આપવામાં આવ્યું છે. ગાયમાં તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ હોવાનું શાસ્ત્રોમાં વર્ણન મળે છે. ગૌમાતાની સેવા, પૂજા અને રક્ષા એ સનાતન ધર્મની મહાન પરંપરા છે. આ જ ગૌમાહાત્મ્ય અને ભગવાન શ્રીકૃષ્ણના ગૌપ્રેમને ઉજાગર કરતો પવિત્ર તહેવાર એટલે ગોપાષ્ટમી.

કારતક માસના શુક્લ પક્ષની અષ્ટમીના દિવસે ગોપાષ્ટમી ઊજવવામાં આવે છે. આ દિવસ ભગવાન શ્રીકૃષ્ણના જીવનની એક વિશેષ લીલા સાથે જોડાયેલો છે. બાળપણમાં શ્રીકૃષ્ણ અને બલરામજી ગોકુળમાં વાછરડાં ચરાવવા જતા હતા. ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે છ વર્ષના થયા ત્યારે માતા યશોદા અને નંદબાબાની અનુમતિથી તેમને ગાયો ચરાવવાની જવાબદારી સોંપવામાં આવી. આ પ્રસંગે ભગવાન પ્રથમ વખત વાછરડાંના બદલે મોટી ગાયો ચરાવવા વૃંદાવનના વનમાં ગયા. આથી આ દિવસ ગોપાષ્ટમી તરીકે પ્રસિદ્ધ થયો.

આ પ્રસંગનું આધ્યાત્મિક મહત્ત્વ ખૂબ જ ઊંડું છે. ભગવાન શ્રીકૃષ્ણ ગોપાલ, ગોવિંદ અને ગોપાલકૃષ્ણ જેવા અનેક નામોથી ઓળખાય છે. ગો એટલે ગાય અને વિંદ એટલે આનંદ આપનાર. ગાયોનું પાલન કરનાર, તેમની રક્ષા કરનાર અને તેમને આનંદ આપનાર ભગવાન એટલે ગોવિંદ. ભગવાન શ્રીકૃષ્ણ પોતે ગાયો પાછળ વાંસળી વગાડતા વનમાં વિચરણ કરતા. ગાયોના ગળામાં બાંધેલી ઘંટડીઓનો મધુર નાદ, વાંસળીના સૂર અને ગોપબાળકોના આનંદથી વૃંદાવનનું વાતાવરણ દિવ્ય બની જતું.

શ્રીમદ્ ભાગવતમમાં ભગવાન શ્રીકૃષ્ણની ગૌચારણ લીલાનું અત્યંત સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. ભગવાન જ્યારે વનમાં ગાયો ચરાવતા ત્યારે તેમના ચરણકમળની ધૂળથી વૃંદાવનની ધરતી પાવન બનતી. ગાયો પણ ભગવાનની વાંસળીના સૂર સાંભળીને મંત્રમુગ્ધ બની જતી. ભગવાન માટે ગાયો માત્ર પશુઓ નહોતી, પરંતુ પરિવારના



સભ્યો સમાન હતી. તેઓ દરેક ગાયને તેના નામથી ઓળખતા અને તેના પ્રત્યે વિશેષ સ્નેહ રાખતા.

ગોપાષ્ટમીના દિવસે ગૌમાતાને સ્નાન કરાવી, તેમનું શૃંગાર કરવામાં આવે છે. તેમના શિંગડાંને રંગવામાં આવે છે, ગળામાં ફૂલોના હાર પહેરાવવામાં આવે છે અને કપાળે તિલક કરવામાં આવે છે. ગૌપૂજન કરીને ગાયોને લીલો ચારો, ગોળ, ઘાસ અને અન્ય પૌષ્ટિક આહાર અર્પણ કરવામાં આવે છે. મંદિરોમાં વિશેષ પૂજા, કીર્તન, ભજન અને ગૌસેવાના કાર્યક્રમો યોજાય છે. વૃંદાવન અને મથુરામાં આ ઉત્સવનું વિશેષ મહત્ત્વ છે.

ઈસ્કોન મંદિરોમાં પણ ગોપાષ્ટમીનો ઉત્સવ ખૂબ જ ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવે છે. ગૌપૂજા, ગૌપરિક્રમા, ભગવાનની વિશેષ આરતી અને હરિનામ સંકીર્તન દ્વારા ભક્તો શ્રીકૃષ્ણની ગૌપ્રેમભરી લીલાનું સ્મરણ કરે છે. ગૌસેવા એ ભક્તિનો અભિન્ન અંગ છે.

આજના સમયમાં ગોપાષ્ટમી આપણને માત્ર એક ધાર્મિક ઉત્સવ ઊજવવાનો સંદેશ નથી આપતી, પરંતુ ગૌમાતાની રક્ષા, સેવા અને સંવર્ધન કરવાની જવાબદારીનું પણ સ્મરણ કરાવે છે. ગાય આપણને દૂધ, દહીં, ઘી જેવા પૌષ્ટિક પદાર્થો આપે છે. ભારતીય કૃષિ અને ગ્રામ્યજીવનમાં પણ ગાયનું વિશેષ યોગદાન રહ્યું છે.

ગોપાષ્ટમીનો સાચો સંદેશ એ છે કે આપણે ભગવાન શ્રીકૃષ્ણના ગૌપ્રેમને આપણા જીવનમાં ઉતારીએ. ગૌમાતાની સેવા કરીએ, અબોલ જીવો

> વૃંદાવનની ગલીઓમાં ગાયો પાછળ વાંસળી વગાડતા અને ગૌચારણ કરતા કાનુડાનું સ્વરૂપ અત્યંત મનોહર છે

પ્રત્યે કરુણા રાખીએ અને દરેક જીવમાં પરમાત્માનો અંશ નિહાળીએ.

જેના હૃદયમાં ગૌમાતા પ્રત્યે પ્રેમ છે અને જેનું જીવન ગૌસેવા તથા કૃષ્ણભક્તિથી સુગંધિત છે, તેના જીવનમાં ભક્તિનો સાચો ભાવ પ્રગટે છે.

ભગવાન શ્રીકૃષ્ણને ગાયો પ્રત્યે અપાર પ્રેમ હતો. તેઓ ગાયોને માત્ર પશુ નહીં, પરંતુ પોતાના પરિવારના સભ્યો સમાન માનતા હતા. વૃંદાવનની ગલીઓમાં ગાયો પાછળ વાંસળી વગાડતા અને ગૌચારણ કરતા કાનુડાનું સ્વરૂપ અત્યંત મનોહર છે.

ગાયોના નામ લઈને તેમને બોલાવવા, પ્રેમથી પંપાળવા અને તેમની સંભાળ રાખવી એ શ્રીકૃષ્ણની દૈનિક લીલાનો અભિન્ન ભાગ હતો. ગાયોના ચરણોની ધૂળ પણ ભગવાનને પ્રિય હતી. આથી જ તેઓ ગોપાલ અને ગોવિંદ તરીકે ઓળખાયા. શ્રીકૃષ્ણની ગૌસેવા આપણને શીખવે છે કે નિઃસ્વાર્થ પ્રેમ, કરુણા અને અબોલ જીવોની સેવા એ જ સાચી ભક્તિ છે.

બંગલાની બિલાડી

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

જલ ધાંકા નદીના કિનારે, બારગિલા ગામના સીમાડે, અટ્ટનેડા બાઉલના આશ્રમે અમે બેઠા હતા. આ બાઉલની વાતો દરેક બાઉલની જેમ મર્મીલી જ હતી પરંતુ સાથે સાથે કથન રસ જાળવી રાખે તેવી હતી.


તેણે કહ્યું, ''હમણાં જ જે દૂધનું દાન કરીને ગયો તે સોજુ મંડલે મને થોડા વખત પહેલાં પ્રશ્ન પૂછેલો કે બાઉલ મારી બિલાડીએ બે બચ્ચાં જણેલાં તેમાંથી એક મેં બાજુવાળા બંગલામાં રહેતાં શેઠ જતીન શાહાને આપ્યું, બીજું મેં રાખ્યું.''

પછી મંડલ આગળ બોલ્યો, ''બધી સુખસાહ્યબી વચ્ચે પણ તે બચ્ચું સાવ દુબળું રહ્યું અને મારી ઝૂંપડીમાં રહેતું બચ્ચું મજબૂત થઈ ગયું, આમ કેમ બન્યું હશે?''

બાઉલ બોલ્યા, ''થોડી વાર તો મને આ વાત પર વિચાર કરવા છતાં પણ કંઈ જવાબ ન મળ્યો પણ પછી સદાયનો સાથી મનેર માનુષ મદદે આવી ચડ્યો! તેણે જવાબ આપ્યો.''

મેં બાઉલને પૂછ્યું, ''બાઉલ! તે શું જવાબ આપ્યો?''

બાઉલ હસીને બોલ્યો, ''ભાઈ સતીશ! મનુષ્ય હોય કે મીંદડી, શરીરની સ્વસ્થતા મોટાભાગે તો મનની સ્વસ્થતા પર આધારિત હોય છે. મનની સ્વસ્થતા તમારી કર્મેન્દ્રિય અને



જ્ઞાનેન્દ્રિય પર. તમે તેનો કેટલો અને કેવો ઉપયોગ કરો છો તેના પર નિર્ધારિત હોય છે.''

અમે કહ્યું, ''બાઉલ! આ વાતને ઉદાહરણ સાથે સુસંગત કરીને બતાવો.''

બાઉલ બોલ્યા, ''ગરીબ લોકોના ઘેર દૂધ કે ભોજન ઓછાં જરૂર હોય પણ રસોડાં મોકળાં અને સર્વસુલભ હોય. ત્યાં બરાબર પેક થઈ જાય તેવાં બારણાં ન હોય. તેથી બિલાડીને ગમે ત્યારે રેઢું ભોજન મળી જતું હોય. જ્યારે શ્રીમંતોને ત્યાં તો તેનાથી ઊલટી સ્થિતિ હોય. શ્રીમંતની ઘરે બિલાડીને જેટલું આપે તેટલું જ જમવાનું હોય અને શ્રીમંતોની ભૂખની વ્યાખ્યા ગરીબ લોકો કરતાં ટૂંકી હોય છે કારણ કે તે પોતે બહુ જ ઓછા પ્રમાણમાં ભોજન લેતા હોય. તેથી તે બિલાડી સહિત બધાંને પ્રમાણમાં જ ભોજન આપે છે.''

આટલું બોલ્યા પછી થોડો વિશ્રામ લઈ અને બાઉલ આગળ બોલ્યા, ''ઓછો ખોરાક લેતા હોવા

> મનુષ્ય હોય કે મીંદડી, શરીરની સ્વસ્થતા મોટાભાગે તો મનની સ્વસ્થતા પર આધારિત હોય છે. મનની સ્વસ્થતા તમારી કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિય પર, તમે તેનો કેટલો અને કેવો ઉપયોગ કરો છો તેના પર નિર્ધારિત હોય છે

છતાં અને પૂરતા કામકાજ ન કરવાના લીધે શ્રીમંતો અદોદળા પડ્યા હોય છે! જેને આ બિલાડી જેવા આશ્રિતો હટ્ટાકટ્ટા માની લે છે. ખરેખર તે હટ્ટાકટ્ટા નહીં પરપોટા હોય છે! તે ન સમજનાર બિલાડાના મન પણ તે શ્રીમંતની નાહકની ઈર્ષા કરવા લાગે છે. આમ, મનથી ભૂખ્યા રહી, તનને આભાસી ભૂખ્યા રાખી, મનોમન ચોતરફ રહેનારાઓની ઈર્ષા કરનાર બંગલાની બિલાડી સાવ દુબળી ન પડી જાય તો જ નવાઈ લાગે!''

અંતે બાઉલ બોલ્યો, ''ઝૂંપડીની બિલાડીને આ ત્રણમાંથી એકેય બાબત સ્પર્શતી ન હોય તે હટ્ટીકટ્ટી રહે છે.''

અમે બંગલાની બિલાડીના પ્રતીકમાં માનવ સમસ્તની માનસિકતાને ઉદઘાટિત થતી જોઈ રહ્યા.

